GAP भाषा
A MULTILINGUAL JOURNAL OF RESEARCH
( ISSN – 2582-8770 )
Globally peer-reviewed and open access journal.

# પ્રાચીન ભારતીય શિક્ષણ પદ્ધતિની વર્તમાન પ્રાસંગિકતા

## ડૉ. નૈતિકકુમાર જે. પ્રજાપતિ

મો. 9624254223

ઈ-મેઈલ - prajapati.naitik51@gmail.com

"शिक्ष्यतेऽनयेति शिक्षा" આ વ્યુત્પત્તિ '√शिक्ष्' ધાતુથી શિક્ષા શબ્દ નિષ્પન્ન થાય છે. શિક્ષા શબ્દનો અર્થ 'અધ્યયન' એમ કોશકારો એ કહ્યું છે. અને શિક્ષા શબ્દની સાથે શાસ્ત્રશબ્દ પ્રયોજવામાં આવે છે. "**शिष्यते अनेन इति शास्त्रम्**" આ વ્યુત્પત્તિ અનુસાર **शास्** ધાતુના **ष्ट्रन्** પ્રત્યયથી શાસ્ત્ર શબ્દ પ્રયોજવામાં આવે છે. ભારતીય શિક્ષાનો ઇતિહાસ ઘણો પ્રાચીન છે. આર્ય લોકો જ્યારે ભારતવર્ષમાં આવ્યા ત્યારે તે સભ્ય અને સુશિક્ષિત હતા. તેમના નિશ્ચિન્ત જીવન-સિદ્ધાન્તો હતા તે પોતાના બાળકોને પોતાના સિદ્ધાન્તોના અનુંસાર શિક્ષિત કરતા હતાં.

સાહિત્યને જેવી રીતે સમાજનું દર્પણ માનવામાં આવે છે તેવી જ રીતે દેશની શિક્ષા, શિક્ષાવ્યવસ્થા અને શિક્ષા સંસ્થાનોને સંસ્કૃતિનો મૂળ આધાર માની શકાય છે. શિક્ષા અને શિક્ષા સંસ્થાનોમાં જ રાષ્ટ્રનું નિર્માણ થતું હોય છે. શિક્ષા અને શિક્ષા સંસ્થાનો જ કોઈ દેશ કે સમાજના જ્ઞાન-વિજ્ઞાન, કલા-સંસ્કૃતિ, રાજનીતિ-અર્થનીતિ તથા સાહિત્ય, સંસ્કારોના નિર્માણના કાર્યસ્થળો હોય છે. આ બધાઓથી જ દેશની જીવન્ત એકમના રૂપમાં સુસંસ્કારી અને ચરિત્રવાન નાગરિકોનું નિર્માણ થાય છે. અને તેથી જ શિક્ષા અને શિક્ષણની પધ્ધતિનો સંબંધ અન્યોન્યાશ્રિત છે. શિક્ષા એક એવું તત્વ છે. જે વ્યક્તિને પ્રકૃતિ અને સંસ્કૃતિ એમ બન્ને પ્રકારે જોડે છે, એટલે જ ભારતમાં શિક્ષાને ઔપચારિક ન રાખીને સંસ્કૃતિના અભિન્ન અંગના રૂપમાં સ્વીકાર કરવામાં આવે છે. પ્રાચીન ભારતીય શિક્ષા બહુઆયામી હોવાને કારણે સમાજના પ્રત્યેક વ્યક્તિના માટે સુલભ હતી. બધા લોકો પોતાની યોગ્યતા અને ઈચ્છા અનુસાર જે તે વિષયની શિક્ષા પ્રાપ્ત કરતા હતા તેથી શિક્ષાસમાપ્તિ પછી રોજગારની સમસ્યા રહેતી ન હતી.

વર્તમાન સમાજમાં શિક્ષાના ઉદ્દેશ સ્પષ્ટ નથી. તેથી રોજગાર-બજારમાં પ્રતિસ્પર્ધાઓ થઈ રહી છે. અને તેના કારણે પ્રતિભા રહી નથી અને માનવીય સંવેદનાઓનો નાશ થઈ રહ્યો છે. શિક્ષાએ મનુષ્યના આંતરિક દોષોનો નાશ કરે છે. અને તેને બુદ્ધિમાન અને વિચારશીલ બનાવે છે. શિક્ષાના ક્ષેત્રમાં ગણી બધી ઉન્નતિ થઈ હોવાને કારણે પણ આજે માનવીય સંવેદનાઓ જન્મતી નથી. તેથી વર્તમાન યુગમાં પ્રાચીન ભારતીય શિક્ષાના નૈતિકમૂલ્યો, સંસ્કૃતિ, ચારિત્રિક ઉત્થાન અને પરંપરાઓના સમન્વયી ઘણી આવશ્યકતાઓ છે.

પ્રાચીન ભારતીય શિક્ષા વ્યવસ્થામાં ગુરુકુલમાં જે શિક્ષા આપવામાં આવતી હતી તે પૂર્ણ રૂપથી વ્યવહારિક હતી. સૌથી પહેલા વિદ્યાર્થીઓને સ્વાવલંબનનો પાઠ શિખવવામાં આવતો હતો. તેથી તે પોતાના આગળના જીવનમાં કોઈપણ જગ્યાએ અને ગમેતેવી પરિસ્થિતિમાં પણ પોતાના પગ ઉપર ઉભો રહી શકતો હતો. 25 વર્ષ સુધી પૂર્ણબ્રહ્મચર્યનું પાલન કરીને વિદ્યાર્થીનું શરીર સુદ્રઢ બની જતું હતું અને ગામની બહાર અથવા જંગલના વાતાવરણમાં રહેવાથી તેનું સ્વાસ્થ્ય અને સહનશક્તિ એટલી મજબૂત થઈ જતી હતી કે રોગોના આક્રમણથી તે સુરક્ષિત રહેતો હતો. ગુરૂની સેવા કરવી, તેમની આજ્ઞાઓનું પાલન કરવું એ વિદાંયર્થીઓનું પરમ કર્તવ્યમાનવામાં આવતું હતું અને ગુરૂ પણ પોતાના સંતાનની જેમ માનીને તેમના કલ્યાણની ચેષ્ટા કરતા હતા. આનાથી વિપરીત આજે આપણે સ્કૂલો અને કોલેજોના વિદ્યાર્થીઓ પ્રાયઃ શિક્ષકોની ઉપર હસતા કે અપમાનજનક વાતો કરતાં જોવા મળે છે. આ શિક્ષા પ્રણાલી વિદ્યાર્થીઓમાં ચરત્રનું નિર્માણ કરવાની જગ્યાએ તેનો નાશ કરી રહી છે. અને નવયુવકોના જીવનના આરંભથી જ કામ, ક્રોધ, લોભ, મદ વગેરેના દાસ બનાવી રહી છે. આનું પરિણામ એ છે કે 20-25 વર્ષના આયુષ્યમાં આજકાલના વિદ્યાર્થીઓ બી.એ, એમ.એ ની ડીગ્રીઓ લઈને જીવનક્ષેત્રમાં પ્રવેશ કરે છે. તો

https://www.gapbhasha.org/

તે પ્રાયઃ નિર્બલ, નિસ્તેજ અને અનેક પ્રકારની આધિ-વ્યાધિઓનો શિકાર બનેલા દેખાઈ આવે છે. વિદ્યાના અવહેલનથી કોઈ વિદ્વાન બની શક્તો નથી. નિયમપૂર્વક જ વિદ્યા મેળવી શકાય છે. તેથી જ ભગવદ્ગીતામાં કહ્યું છે કે -

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।।
उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तित्त्वदर्शिनः ।। (गीता – 4/34)

વર્તમાન સમાજમાં શિક્ષા જગતમાં પારિવારિક ભાવનાનો અભાવ થઈ ગયો છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં અધિકારોનો બોધ જડપથી વધ્યો છે અને કર્તવ્યોનો બોધ જડપથી ઓછો થયો છે. વાસ્તવમાં શિક્ષા પધ્ધતિની સફળતા ગુરૂ અને શિષ્યના સંબંધ ઉપર નિર્ભર કરે છે. આધુનિક યુગમાં આ બન્ને વચ્ચેના સંબંધો ઔપચારિક અને કટુતા પૂર્ણ થઈ રહ્યા છે. તેના કારણે શૈક્ષણિક મૂલ્યોમાં ધર્મની મર્યાદા જડપથી તૂટી રહી છે. સ્વતંત્રતા પછી દેશમાં ખૂબ જડપથી શિક્ષાનો વિકાસ થઈ રહ્યો છે. અને અસંખ્ય નવા વિષયો દરવર્ષે ઉત્પન્ન થાય છે. અને તેને ચલાવવા વાળી સંસ્થાઓ પર ખૂબજ વધી રહી છે. પરંતુ શૈક્ષણિકસંસ્થાઓએ વિદ્યાર્થીઓને શિક્ષાના સ્થાને પ્રશિક્ષણ તરફ જ વાળી દીધા છે. અત્યારે વિદ્યાર્થી, વિદ્યાર્ધી ન રહી ને માત્ર એટલુ જ શીખે છે. કે જેટલું તેને નોકરી મેળવવા માટે પર્યાપ્ત હોય. આના કારણે શિક્ષામાં અનુશાસન જડપથી નષ્ટ થતું ગયું છે. મુણ્ડકોપનિષત્ અનુસાર વર્તમાન શિક્ષા વિષે એક શ્લોકમાં કહેવામાં આવ્યું છે.

अविद्यायामन्तरे वर्तमानाः स्वयं धीराः पण्डितं मन्यमानाः ।
जङ्घन्यमानाः परियन्ति मूढाः अन्धेनैव नीयमाना यथान्धाः ।। मुण्डकोपनिषत्, 1.2.8

વર્તમાન શિક્ષા મુણ્ડક ઉપનિષત્ ના ભાવને આ પ્રમાણેના ભાવને ચરિતાર્થ કરે છે. જેને સંત કબીરે પોતની અટપટી વાણીમાં આ પ્રકારે કહ્યું છે.

जाका गुरू भी आन्धरा, चेला खरा निरन्ध ।
अन्धा-अन्धे ढेलिया, दोनों कूप परन्त ।।

ભારતના પ્રાચીન શિક્ષણવિદોએ વિદ્યાર્થીઓની મૌલિક પ્રતિભાઓને વિકસાવવાનો પ્રયત્નો કર્યા અને પરિણામ સ્વરૂપ પ્રતિભા પલાયન જેવી કોઈ સમસ્યા પ્રાચીન ભારતમાં ન હતી. પ્રાચીન શિક્ષા મનુષ્યનો સર્વાંગીણ વિકાસ કરનારી હતી. ભારતીઓએ ભારતીની પરિસ્થિતિના અનુસાર શિક્ષા પધ્ધતિઓનું નિર્માણ કરવું પડશે. શિક્ષાનો મુળ ઉદ્દેશ માનવનિર્માણ કરવાનો હોવો જોઈએ. એ દ્રષ્ટિથી પ્રાચીન શિક્ષા પદ્ધતિ સહાયક છે. પ્રાચીન ભારતમાં કેવળ ધાર્મિક બાબતો ઉપર જ ધ્યાન આપવામાં આવતું નહોતું પરંતુ શિક્ષાના માધ્યમથી ધર્મની સાથે-સાથે ભૌતિક અને સાંસ્કૃતિક સાંસારિક એમ બન્ને પ્રકારની ઉન્નતિ માટે ઘણા બધા પાઠ્યક્રમો સ્વીકારવામાં આવતા હતા. વિદ્યાર્થીઓને પ્રારંભિક અને ઉચ્ચ એમ બંન્ને પ્રકારની શિક્ષા આપવામાં આવતી હતી, જેમાં સામાન્ય વિષય, કલા કૌશલ, વ્યવસાયિક વિષયની શિક્ષા રહેતી હતી, આજે પણ એજ પ્રકારના પાઠ્યક્રમની વ્યવસ્થાને સમન્વિત કરવાની આવશ્યકતા છે.

પ્રાચીન ભારતીય શિક્ષા પદ્ધતિની એક મોટી વિશેષતા સામાજિક સમાનતાનો પ્રચાર કરવો એ પણ હતી. ગુરૂકુળોમાં વિદ્યાર્થીઓને દરેક પ્રકારની સાદગીમાં રહેવું પડતું હતું. જેથી અમીર-ગરીબનું અંતર શિક્ષા કાળમાં જ સમાપ્ત થઈ જતું હતું.ભોજન માટે ગામનાં કોઈ ગૃહસ્થીના ઘરેથી ભિક્ષા માંગીને લાવવી પડતી હતી. તેનાથી વિદ્યાર્થીના હ્રદયમાં નમ્રતા અને વિનયના ભાવ ઉત્પન્ન થતા હતા બીજી બાજુ તે પોતાની જાતને ઋણી અને સમાજનું એક અંગ સમજવા લાગતો હતો. અને ભવિષ્યમમાં સમાજ સેવા કરવી તે તેનું કર્તવ્ય બની જતું હતું. આ પ્રકાના વાતાવરણમાં ગરીબ બાળકો પણ ઉચ્ચ શિક્ષા પ્રાપ્ત કરી શકતા હતા. વર્તમાન પ્રણાલીને જોઈએ તો આ દ્રષ્ટીથી ગણી બધી દૂષિત થઈ ગઈ છે, કોલેજોની શિક્ષા વધારે ખર્ચીલી બની ગઈ છે. કે ગરીબ વિદ્યાર્થીઓ માટે ભણવું ખુબજ કષ્ટકારક સાબિત થઈ ગયું છે. એટલે જ વિદ્યાર્થી કાળમાં સાદગી, વિનય, ચારિત્ર્યવાન, સમાજ સેવા અને સમાનતા શિખવાડવા વાળી પ્રાચીન શિક્ષાની મહતી આવશ્યકતા છે.

શિક્ષા એ ખુબ વ્યાપક વિષય છે. દુર્ભાગ્યવશ વર્તમાન સમયમાં આપણે શિક્ષાનો અર્થ કોઈ સ્કૂલ કે

https://www.gapbhasha.org/

કોલેજમાં જઈ ને વિવિધ વિષયોની પાંચ-દસ પુસ્તકો શિક્ષકો પાસેથી ભણી લેવી તેને સમજીએ છીએ, જે વ્યક્તિએ પુસ્તકો જેટલી વધારે વાંચી હોય કે જેટલી વધારે પરિક્ષાઓ પાસ કરી હોય તે વ્યક્તિ આપણી દ્રષ્ટિમાં વધારે શિક્ષિત ગણાય છે. આજકાલ દુનિયાની દ્રષ્ટીએ શિક્ષાનું મુખ્ય લક્ષણ કોઈ સારી નોકરી કરવી કે કોઈ સારો ઉચ્ચ વ્યવસાય દ્વારા ધનાર્જન કરવું તે જ છે, આ જ પ્રાચીન અને વર્તમાન શિક્ષા પ્રણાલીમાં અંતર છે.

શિક્ષણપદ્ધતિની સફલતા શિક્ષક અને શિક્ષાર્થી પર જ નિર્ભર હોય છે. માતા-પિતા બાળકને જન્મ આપે છે. પરંતુ ગુરૂ અપક્વ બુદ્ધિ વાળા બાળકનો ભાર પોતાના પર લઈને જીવન ઉપયોગી અન્ધકાર ને સમાપ્ત કરીને તેને જ્ઞાનરૂપી પ્રકાશથી પ્રકાશિત કરે છે. કહેવામાં પણ આવ્યું છે કે,

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरून्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ।। श्रीगुरू गीता श्लोक-4

ઉપર્યુક્ત વિવેચનથી સ્પષ્ટ થાય છે કે પ્રાચીન ભારતીય શિક્ષા પદ્ધતિના આદર્શો આજે પણ પ્રાસંગિક છે. જો કે પ્રાચીન શિક્ષા પ્રણાલી વર્તમાનમાં દેશ અને કાળની બદલાતી પરિસ્થિઓમાં એ પ્રમાણે તો લાગુ કરી ન શકાય પરંતુ પ્રાચીન શિક્ષા પદ્ધતિમાં રહેલી ઉપયોગી બાબતોનો સમાવેશ કરીને ઘણો બધો લાભ ઉઠાવી શકાય તેમ છે. જ્ઞાનના આ ભંડારને જરૂરી સંશોધન અને પરિમાર્જન કરીને શૈક્ષણિક અને સામાજિક વિકાસના મહત્વપૂર્ણ સાધન તરીકે ઉપયોગ કરી શકાય એમ છે. પ્રાચીન શિક્ષા પદ્ધતિના ગુણો અને ઉદ્દેશ્યોને જોઈને આપણે આપણી શિક્ષા પદ્ધતિના પુનર્નિર્માણ કરવાની મહતી આવશ્યકતા છે.

## સંદર્ભ

[1] रमाकान्त श्रीवास्तव, भारतीय-शिक्षा, गर्ग-ब्रदर्स-प्रयाग प्र.सं 1959
[2] श्रीमद्भगवद्गीता, गीताप्रेस, गोरखपुरः, 1999
[3] आचार्य आजादमिश्रः, शिक्षाशोधसुमाञ्जलिः, राष्ट्रियसंस्कृतसंस्थानम्
[4] मुण्डकोपनिषत्, 1.2.8
[5] स्कन्दपुराण से संगृहीत श्री गुरू-गीतां, श्लोक सं. 34

https://www.gapbhasha.org/